ઉત્તમ પ્રકારની કેળવણી એ સ્વદેશાભિ

વીરસિંહ અને પ્રે

(એક જમાનાના ગ

રચ..

" ગાયનથી ર
શોક ભી
ગાય

વીરસિંહ અને પ્રેમરાય.

(એક જમાનાના સમરસિંહ અને પૃથુરાજ).

માંહેનાં ગાયનો.

સર્વ પાત્રો—રાગ કલ્યાણ.

"શ્રી જગતપતી પ્રભુ આપ સન્મતિ;
ભરતભૂમિ ભ્રાંત માટે કીધી આ કૃતિ." એ ઢાળ.

આર્ય દેવીઓ, ઉગ્યું જરાતું જો;
શીદ રોઈ રોઈ આંખ-નુર[1] આમ ખો.
હતી અગાઉ ચડતીમાં, તુજ ભરતભૂમિ ભરપૂર;
તે મધ્ય યુગમાં થઈ રઝળતી, ખોઈ સર્વે શુર. આર્ય૦
હાલ જરા શાંતિમાં છે, આ ઉદય-નિશાની જણાય;
ઉદય અસ્તનું ચક્ર એકછે, ફરી ફરીને બદલાય. આર્ય૦
નથી સિધ્ધું કે ઉદય, અસ્તના અંત સુધી પોં'ચાય;
ચડતી પછી છે પડતી, ને પડતી પછી ચડતી થાય. આર્ય૦
સૂર્યવંશી [2]સાત્વિક, અગાઉ થયા રામજી રાય;
વિદુર, કૃષ્ણ સરવે, જાવાથી તુજ મન મુંઝાય. આર્ય૦
હાંલ નથી તુજ એવા પુત્રો, સુનો ભારતવર્ષ;

---

૧ આંખનું તેજ. ૨ સત્વગુણવાળા.

"ફૂલ નહિતો ફૂલની પાંખડી," ગણી પામતું હર્ષ. આર્ય૦
સમૃદ્ધિ ગઈ પાછી નહિ આવે, પુત્રરૂપી તુજ રત્ન;
ભાઇઓ સુખી કરવાને કોઈ, પુત્ર *કરેછ પ્રયત્ન. આર્ય૦
ચડતી રૂપી શુભ વિવાહની, લગ્ન-વધામણી જોઈ;
[1]મંગળ કાર્યમાં મોડ નાખતું, નહિ રોવાનું હોય. આર્ય૦

"હાં બરજોરી મોરી બૈયાં મરોરીરે." એ રાગ.

બજાવીએ વીર, વીરસિંહતણો ખેલરે;
વીર પછી શૃંગારનો, ચલાવીએ રેલરે. બજાવીએ૦
સ્વર્ગ-સુખ કેવું કીધું, આગળથી સારૂંરે;
પછી પરણીને સુખ, મેળવ્યું અપારરે. બજાવીએ૦
અહિ ને સ્વર્ગમાં સદા, સુખી કેમ થાયરે;
તેના આ ચિતાર, યથામતિ જણાવાયરે. બજાવીએ૦
પ્રેમ રાય તણા પ્રેમ તણું, જુઓ ચિત્રરે;
પ્રેમીને વિલાસી હોઈ, કેવોછે પવિત્રરે. બજાવીએ૦
મળતા વિચાર થકી, થયા કેવા મિત્રરે;
દેશપ્રતિ પ્રેમ શૌર્ય તણું, જુઓ ચિત્રરે. બજાવીએ૦

---

*કરેછે. ૧ શુભ.

अंक १ लो.

(तुर्क लोकोए मुख्य भरतपुर सहित बीजां आर्यनां राज्यो जीती लीधां ते वखते रैयतना विचार).

स्थळ—भरतपुरनो चोरो.

"साडेतीन पेसे एक मरची नहि बेचुंगा," ए राग.

बधी रैयत साथे—

बाइओ थयुं तुर्कनुं राज, हार्यो भरतपुर मा'राज.

मानसिंह रजपुत—

सर्व क्षत्रियो मांहोमांहे, लड्या तजीने संप;
लडी परस्पर नबळा पडीया, कांई रह्यो नहि दम;

बधा—बाइओ थयुं तुर्कनुं राज, हार्यो भरतपुर मा'राज.

मानसिंह—

कोई अमलमां अफिण तणा, कोई स्त्रीयोमां गुलतान;
कोइए बेठा बेठा सुण्युं, वेश्याओनुं गान.

बधा—बाइओ थयुं.

मानसिंह—रजपुत विना कोई लड्युं नहीं, घरमां बेठा जोय.
कोई वणिक तो मन दुबावी, राडो पाडी रोय.

बधा—बाइओ थयुं.

सोमचंद—अड डडडडडड ड्डुड्डुड्डु, [१]माणुह केम [२]मराय;
मागे टो बढुं डई डइए, [३]अमठी नहि लडाय.

बधा—बाइओ थयुं.

---

१ माणुस. २ मराय. ३ अमथी.

રામોસુતાર-અમથી તો ભાઈ એમ લડાયે, નહિ અમારૂં કામ;
 [1]શીખ્યા [2]હઈ ઈરે આવે, જો ઘડવા મંડીએ આમ.

બધા—ભાઈઓ થયું.

હદોખેડુત—

 ભરની ઘોડે મજને બાંધ્યો, દાંગ લઈ [3]ઉન્યાં [4]સોરી;
 [5]હ.રૂં થયું કે [6]પછે મને, હણે મુક્યો [7]સોડી.

બધા—ભાઈઓ થયું.

મેઘોભીલ—

 અમે નરમળ સંત્ર બાપુની, ભેળા ન્યાતા ભઈ;
 તીરકામઠી જો આ લઈને, હ.ગ્ગા [8]ચંઈના ચંઈ;

બધા—ભાઈઓ થયું.

મેઘોભીલ—

 [9]હંધા મરાવા મંડ્યા ટપોટપ, ગરાસીયા રજપુત;
 [10]અટલે તો ભાઈ ભાગી આવ્યા, જાણે ભાગ્યું ભૂત.

બધા—ભાઈઓ થયું.

માનસિંહ—પહેલાં તો તુર્કિએ કીધા, કેદ્દ સરવે રાય;
 પ્રજાએ બળવો ઉઠાવ્યો, છોડી દીધા ત્યાંય.

બધા—ભાઈઓ થયું.

માનસિંહ—થોડી થોડી જમીન આંપી, ખંડીયા કીધારાય;
 પ્રજા પણ શાંતિ પામીને, સંતોષાયા રાય.

બધા—ભાઈઓ થયું.

---

૧ હોઈએ. ૨ એ. ૩ ગયા. ૪ ચોરી. ૫ સારૂં, ૬ પછી.
૭ છોડી. ૮ ક્યહીના ક્યાંહી. ૯ બધા. ૧૦ એટલે.

શંભોસુતાર—ભરતપુરના ભગવંતસંઘને, જો કીધા હત કેદ;
તોતો લડવા જાત હાથ, હથિયારો હુંતો લેત.

બધા—ભાઇઓ થયું.

મેઘોભીલ—જો રાજાને કેદ કરત તો, જાત તરફની સામો;
કાંતો મરૂં ને કાંતો મારૂં, નાંખું સામો ધામો.

બધા—ભાઇઓ થયું.

હદો ખેડુત—ઠીક થયું જે થોડુંક પણ, બાપુને દીધું રાજ;
કેદમાં તે એ અમ રે', ભાઇ છે મોટા મા'રાજ.

બધા—ભાઇઓ થયું.

સોમચંદ—જો ડાહ્યાને કેદ કરતો, હુંટો ટચાં ભઇ જાટ;
કાલાવાલા ઘણા કરટકે, છોડો માડા ટાટ.

બધા—ભાઇઓ થયું.

માનસિંહ—સઘળી રૈયત આમ રાખજો, રાજા ઉપર ભાવ;
ઉત્તમ કેળવણી લઈ આપો, અંત સારો દેખાવ.

બધા—ભાઇઓ થયું તર્કનું રાજ, હાર્યા ભરતપુર મા'રાજ.

(લોકોને કેળવણીથી ફાયદો છે એમ જણાયું, તેથી ઠેકાણે ઠેકાણે નિશાળો અને મોટા શહેરમાં પાઠશાળાઓ થઈ; અને માણસો તેમાં કેળવણી લેવા મંડ્યા).

સ્થળ—વિભ્રમપુરની નિશાળ.

પ્રેમરાય—"મુંઝે છોડ ચલ્યા બનઝારા" કે "બાઈ
ભક્તિ સાચી તમારી," એ રાગ.

સુણ રણસિંહ અત્યારે, વિચાર ઉઠયો મન મારે.
અહિ ઠીક કેળવણી લીધી, નથી સાધ્ય ઉત્તમ કંઈ કીધી;

કેળવણી નહિ અહિ ભારે; વિચાર ઉદ્યોગ સુણ રત્ન૦
તે માટ "વિદ્યાલય" જાવું, લઈ કેળવણી સુખી થાવું;
વિચાર સર્વ સુધારે; વિચાર૦ સુણ૦
સમજ પડશે બહુ રૂડી, દેશાભિમાનમાં ઊંડી;
ઉત્તમ શિક્ષક આધારે; વિચાર૦ સુણ૦
બહુ કુંવર એકઠા થાશે, તેને કંઈ બોધ કરાશે;
નિશ્ચય ત્યાં જાવું મારે; વિચાર૦ સુણ૦

(ભરતપુરની પાઠશાળામાં દાખલ થવાને વીરસિંહ નામના રાજકુંવરે ઘણાખરા પ્રખ્યાત કુંવરોને કાગળ લખ્યા હતા, તેણે પ્રેમરાયપર પણ પત્ર લખ્યું હતું).

પ્રેમરાય—(વીરસિંહનો લખેલો કાગળ વાંચેછે).

"સદા રહો પાસ પીયુ, સદા રહો પાસ,
નયનના વિલાસી મારા સદા રહો પાસ." એ રાગ.
પ્રેમ થકી આવ પ્યારા પ્રેમ થકી આવ,
પ્રિયભાઈ પ્રેમરાય પ્રેમ થકી આવ;
સૂણ્યું નામ, સૂણ્યું ગામ, સૂણ્યું ઠામ તુજ,
વળી સૂણ્યું દેશપ્રતિ પ્રેમશૌર્ય બહુજ; પ્રેમ થકી.
તુજને બોલાવા તે માટ વિચાર,
નિશ્ચય કરી પત્ર પાઠવ્યું[1] યાર; પ્રેમ થકી.
ઘણા કુંવરને મેં લખીયાંછ[2] પત્ર,
ઘણું કરી આવશે સઘળા તે અત્ર;[3] પ્રેમ થકી.
નિશ્ચય કીધું છે મેં મન માંહ,

૧ મોકલ્યું. ૨ લખ્યાં છે. ૩ અહિ.

નહિ કહે ના આવવાને તું આંહ્ય; પ્રેમ થકી.
શું છે, કેવું છે, સ્વદેશાભિમાન,
સારી રીતે છે તને તેનું ज्ञान; પ્રેમ થકી.
માટે જણાવીશ મનના વિચાર,
હાલ કરૂં પ્રેમનો પ્રણામ, સ્વિકાર; પ્રેમ થકી.

(પાઠશાળામાં ઉત્તમ પ્રકારની કેળવણી મળી છે, તેને લીધેજ, એક દિવસ વનની અંદર ફરતાં ફરતાં વન વર્ણન કરેછે તેની અંદર કેટલાક કુંવરોનો સ્વાભાવિક જુસ્સો ઉછળી આવેછે.)

સ્થળ—વન.

વીરસિંહ— ત્રોટક છંદ

અતિ સુંદર આ વન જોઈ અને,
મન તર્ક વિતર્ક ઘણા ઉછળે;
ફરી જો તું ઘટા શુભ રાયણની,
વળી [1]આમ્ર, [2]અશોક તણી શી બની.

રત્નસિંહ—અતિ [3]કંટક બોરડી બાવળ છે,
શુભ વૃક્ષ ઘટા મહિ આવળ છે;
રૂડી ગુંદી અને [4]ગણગેટી ભલી,
વળી દેખ સીતાફળી કેવી ફળી.

પ્રેમરાય—નિજ સાથ પ્રિયા લઈ પોપટ જો,

---

૧ આંબા. ૨ આશોપાલવ. ૩ કાંટાવાળાં. ૪ જેની સારી સોટીઓ બનેછે તે સિસોટીનું ઝાડ.

અહિ આમ્રપરે ગમતો કરતો;
શુભ વાણી વદી વદી રીઝવતો,
વળી માથું નીચું કરીને નમતો.

ચંદ્રસિંહ—સ્વચ્છ દેખ ઝરો અહિ પાણી તણો,
તીરવૃક્ષ તણો વળી [1]ડાક ઘણો;
નિજ કામથકી પરવારી અને,
હરખી રહી હંસણીઓજ પણે[2].

શૂરસિંહ—હજુ કામજ આપણ બાકી રહ્યાં,
પ્રફુલ્લિત થશે કદિ કેમ [3]હયાં;
અતિ મંગળ કામ મહાન કરવું,
ચિત્તથી કદિ ના અળગું ધરવું.
ટળશે બધી ભ્રાંત નિરાંત થશે,
યવનો [4]જવ દેશ મહિથી જશે;
અતિ હર્ષ થકી [5]વૃંદ આ હરણે,
પરવારી લગ્ન જય હોય અને.

રામસિંહ—મૃગકસ્તુરિયા અહિ દોડી રહ્યા,
જઈ [6]એકત્ર દેખની ત્યાંહિ થયા;
ગમતો કરતા હળતા મળતા,
અતિ હર્ષથી ફાળ વડી ભરતા.

પ્રેમરાય—રણયુદ્ધ મહિથી છૂટા પડશું,
જયની પછી દોડી અને મળશું;
શુભ હર્ષથી ઉચ્છવ આદરશું,

---

૧ ભપકો. ૨ હૈયાં-મન. ૩ જ્યારે. ૪ ટોળું. ૫ એકઠાં, ૬ ત્યાં.

કરી સર્વ ઠરાવ છૂટા પડશું.
વીરસિંહ—કદિ હાર થશે રણમાં રમતાં,
રમશું સરવે શિર ઉડી જતાં;
શુભ હર્ષથી સ્વર્ગ મહીં મળશું,
શુભ હર્ષથી ઉચ્છવ આદરશું.
જયચંદ્ર—[1]વનરાજ ધીમે ડગલાં ભરતો,
બહુ દૂર જુઓ તહિ ચાલી જતો;
વનરાજપણું કદિ છોડયું નહીં,
બળથી બળવાન સદાય રહી.
વીરસિંહ—બહુ ઝાડી ખીચોખીચ આવી રહી,
અહિ સૂર્ય જરાય જણાય નહીં;
પ્રેમરાય—નિજ જન્મભૂમિ-રવિ અસ્ત થયો,
હજુ ઉદય તે રવિનો ન થયો.
શૂરસિંહ—સ્વર સૂણ અહિ કંઈ શુભ થયો,
મુજ કાનની અંદર તેહ ગયો;
વીરસિંહ—[2]રણશિંગ તણો સ્વર કાન પડે,
તન-લોહી બધું મુજનું ઉછળે.
પ્રેમરાય—(કોઇ માણસને દેખીને)
વનમાંહિ મનુષ્ય અહીં કહિંથી,
શુભ ધાર્મિકને વળી કાંતિ અતિ;
વીરસિંહ—અભિમાન નહીં નિજ દેશ તણું,
નહિ હું કદિ એહ મનુષ્ય ગણું.

---

૧ સિંહ. ૨ લડાઈ થતી વખત વગાડવાનું એક વાજું.

(ત્યાં હોનાર મનુષ્ય જેનું નામ વિનાયક હતું, તે ઘણો સ્વદેશાભિમાની હોઈ, તેજ વિષે ઘણા માણસોને બોધ કરતો દેશમાં ફર્યા કરતો હતો, તેને આ કુંવરોની આવી વાતચીત સાંભળવાથી બોલવાનો પ્રસંગ મળ્યો, અને કેટલીક વાતચીત થયા પછી તેઓને પોતાના જેવાજ જાણીને નીચે પ્રમાણે કહેછે.)

વિનાયક— શીખરિણી છંદ.

સવારે ઉઠીને, ઝટ ઝટ મહોને શુદ્ધ કરી,
ભણો વિદ્યા બંધુ, બહુ બહુ વૃધેછે નિત-સ્મૃતિ;
બને એકાગ્રેથી, *નટવર તણો પાઠ અધૂરો,
*સુધા કેરો પ્યાલો, ચકચકિત લેવા શ્રમ કરો.
કરો કાર્યો સારાં, જગત મુખથી ગાયન કરે,
કરો કાર્યો સારાં, નિશદિન પ્રભુજી ખુશ રહે;
કરો કાર્યો સારાં, *ગૃહી *સદ્ગુણોનો સ્વચ્છ ઝરો,
સુધા કેરો પ્યાલો, ચકચકિત લેવા શ્રમ, કરો
ધરો દીલે યારો, નિજ જનમભૂમિ રઝળતી,
ધરો દીલે યારો, નિજ જનમભૂમિ સળગતી;
†બળાત્કારે લીધી, યવન સહુએ અંતર ધરો,
સુધા કેરો પ્યાલો, ચકચકિત લેવા શ્રમ કરો.
મરી ખૂટ્યા શું રે, જનમભૂમિના છોરૂ સઘળા,
મરી ખૂટ્યા શું રે, શૂરવીર કવિરાય સબળા;

---

* પરમેશ્વર. * અમૃત. * પકડી, લઈ. *સદ્ગુણોનો. † પરાણે.

ફરી ‡વંધ્યા [2]વિધ્વા, સરવ સ્થળ પાણી પરવર્યા,
સુધા કેરો પ્યાલો, ચકચકિત લેવા શ્રમ કરો.
હતા જેઓ શૂરા, [3]અતળી બળ સ્વર્ગે જઈ રહ્યા,
હતા જેઓ શૂરા, બળી ભસમ આગે થઈ ગયા;
સહુ પાવૈયાએ, ધન-[4]નીધિ ઉઘાડી ધૂળ કર્યા,
સુધા કેરો પ્યાલો, ચકચકિત લેવા શ્રમ કરો.
[5]પ્રતિ સ્પર્દ્ધિ [6]થૈને, સહુ સરવથા સંપ-ત્રપિના,
પ્રતિ સ્પર્દ્ધિ થૈને, લડી લડી મુઆ કારણ વિના;
ગુમાવ્યું સૌ હાથે, ધણી થઈ પડચારે વનચરે,
સુધા કેરો પ્યાલો, ચકચકિત લેવા શ્રમ કરો.
અરે દેખી દાઝું, યવન સુખ-સેજે મલપતા,
અરે દેખી દાઝું, યવન ધણી આર્યો સુતતણા;
જડાણો કાગોની, કપટ ભરી કોટે સુર-હીરો,
સુધા કેરો પ્યાલો, ચકચકિત લેવા શ્રમ કરો.
બકાલો થૈ આવ્યા, ઘર સુખદ ડંકા ગગડતા,
બકાલો થૈ આવ્યા, ઘર ભરતછોરૂ ભટકતા;
નમે તેને પાયે, નિત્ય ઉદર માટે સુરનરો,
સુધા કેરો પ્યાલો, ચકચકિત લેવા શ્રમ કરો.
અમારૂ આર્યોના બળથી, ગિરિ-શિશો શળકતા,
અરે તેના પુત્રો, યવન મુખ દેખી થથરતા;
રડું શું રે દુઃખો, અસલ *ગ્રહતાઓ ક્યમ ડગે,

---

‡ વાંઝણી. ૨ વિધવા=રાંડીરાંડ. ૩ ઘણું, અતુલ.
૪ ધનનો ભંડાર. ૫ સામાવાળીયા. ૬ થઈને. * સેતા.

સુધા કેરો પ્યાલો, સમ્યકિત લેવા શ્રમ કરો.
બકી હુંતો થાકયો, જનમભૂમિ તેથી દિલબળું,
અરેરે [1]કો ચેતો, મુજ ફરજ તેથી કળકળું;
અરેરેરેરે આ, [2]વિજયઅસિ કોઈ કર ધરો,
[3]ગૃહો કોઇ ઝુંડો, હર હર મહાદેવ ભણતો.
૧×૨×૩

(તુર્કના જુલમ અને પાક્ષિક રાજનીતિથી પ્રજામત ફરી ગયું, અને ઠાર ઠાર બંડ ઉઠયું, ને તેમાંથી મોટી લડાઈ જાગી. સુધરેલા પુરૂષો આગેવાન થયા; વીરસિંહ અને પ્રેમરાય યુદ્ધ કરી લડાઇથી છૂટા થયા, અને વિચાર કરેછે.)

સ્થળ—એક મેદાન.

વીરસિંહ— રાગ મારૂ કે ત્રિતાળી ચોપાઈ.

બંડ ઉઠયુ બાઇ ઠાર ઠાર, નહિ જાણું કોની જીત હાર;
તુર્ક સેના ઘણી છે મોટી, આર્ય સેના છૂટી છૂટી, છોટી.[4]
મરવું કાંતો મારવું યાર, કર્યો મનની સાથે વિચાર;
[5]મસ્તક મૂકી છેટે ટૂટી પડવું, અંતજીવ જતાં સુધી લડવું.

પ્રેમરાય—

ઠામ ઠામ દેશાભિમાન, જાગ્યું આર્યની અંદર આમ;
આર્ય ઉત્તરના અણ સમજુ, તુર્ક સાથ રહ્યા છે હજુ.

---

૧ કોઈ. ૨ તરવાર. ૩ ઝાલો, લો. ૪ નાની. ૫ માથું.

વીરસિંહ—

કેશવચંદ્ર અને રામચંદ્ર, લાલ મોહનને શુરેચંદ્ર;
ભક્તિ તે જનોએ દેશપ્રતિ, હજુ છોડી નથી એક રતિ.

પ્રેમરાય—

ઠામ ઠામ જુઓ ભાઈ આમ, બાળકૃષ્ણ, વિનાયક નામ;
કેવી દેશની જાણે દાઝ, કાઢ્યા તુર્ક ત્યાંથી વાજે વાજ.

વીરસિંહ—

તેના તનમાં જરા નથી માંસ, હાલ નથી ત્વચા* તણો અંશ;
પૂરે પુરૂં સ્વદેશાભિમાન—તણું રૂપ તેને તેનું ભાન.
જ્યારે દક્ષિણમાં હાર આય, તુર્કસેના ઉત્તરમાં જાય;
તેવ પશ્ચિમ પૂર્વની માંહ, શોધી તુર્કને મારે ત્યાંહ.

પ્રેમરાય—

જુસ્સો આવોને આવો રે'શે, તુર્કને દેશ રે'વા ન દેશે;
ઘણા અહિંયાં મરાશે ભાઈ, કૈક નાશી જશે દેશમાંહિ.
ચાલો ખબર પૂછીને જઈએ, ક્યાં સુધી અહિ બેઠા રહીએ;
નથી ર[redacted]સવા કેરો, કરો સ્વારીને બખ્તર પે'રો.

(રજપુતાણીઓ વગેરે સ્ત્રીઓમાં પણ એ વખતે ઘણો જુસ્સો આવેલો હતો, અને લડવાને જતી હતી.)

સ્થળ—ભરતપુરમાં દેશી રાજાનો મહેલ.

સંજ્ઞુગતા (બીજી રજપુતાણીઓને)

લાવણી.

"એ કુદરતના કરનાર ખલકના સ્વામી," એ રાગ.

---

* ચામડી.

સહુ ઉઠો થાઓ તૈયાર સહિયરો મારી,
ઝટ પટ ઉઠો આ વાર કરી તૈયારી;
સહુ જુઓ દેશની માંહિ રંગ શો જામ્યો,
આ કેમ રહેછે જુસ્સો તમારો છાનો;
સહુ ચલો ઉતાવળ કરો પુરૂષને સ્વાંગે,[1]
તમ બનોની આગેવાન થઇને આગે.[2] સહુ ઉઠો.
જો કરેમદેવી ચિતોડ રાજની રાણી,
[3]વીરત્વથી વિજય કરી વાહ, વખણાણી;
હ્યુકેશીયા તને ધન્ય બહાદુર બાઇ,
સ્વતંત્ર રોમનો કરી કેવી પંકાઇ. સહુ ઉઠો.
નથી સમય હવે દ્રષ્ટાંત આપવા કેરો,
સહુ ચલો થાઓ તૈયાર સ્વાંગ સહુ પે'રો;
શું પુરૂષ એકલા લડે લડાઇ મજેની,
નહિ, નહિ, નહિ, નહિ એ બને ચલો સૌ બેની.
સહુ ઉઠો થાઓ તૈયાર સહિયરો મારી,
ઝટ પટ ઉઠો આ વાર કરી તૈયારી;

(ઉત્તરના આર્યલોકો બંને પક્ષમાંથી કોઇની તરફ હતા નહિ, તેઓની પાસે વિનાયક આવી પહોચે છે, ને નીચે પ્રમાણે કહેછે.)

વિનાયક— પધરી છંદ.

બોળ્યું અરે અરે આર્ય નામ,
ખોઇ એમ શૌર્ય વળી હામ દામ;

---

૧ પોશાક. ૨ અગાડી, આગળ. ૩ વીરપણું, બહાદુરી.

હથિયાર મૂકી હાથેથી સર્વ,
વળી છોડી દીધ [1]નિજભૂમિ ગર્વ.
મોઢેથી તો તુર્ક [2]બકેછ વાત,
જે નીતિ ન્યાય અમ બેન ભ્રાત;
પણ નથી પાળતા એક વેણ,
લાધું ભાળ્યું શું ધુર્ત એમ !
નથી પવન સિંહ કે કાળ તેહ,
જે દેખીને [3]કંપાવોછ દેહ;
છે નીચ જાત શુદ્રોથી નીચ,
ક્યમ મીહો [4]અજાથી હોઈ સિંહ;
કોઇ કહેછે થયું રામરાજ,
તે સૂણી ઉરે દિલ ત્રાળ આજ;
રામજી હતા મ્હા સત્વગુણી,
પ્રભુ તુલ્ય હોય કદિ આ અગુણી.
૧×૨×૩.

સ્થળ—રણસંગ્રામ.

બારોટ (બધાને શૂર ચડાવવા માટે)

પધરી છંદ.

"ફરી કરો" કે'વત લાવી યાદ,
કરી રણશિંગા ને શંખ નાદ;
જગમગતિ જ્યોતની બાંધી તેગ,
કરી ત્રિશુળ ગદા ધરી શોર મેઘ,

---

૧ સ્વદેશાભિમાન. ૨ બકેછે. ૩ કંપાવોછો. ૪ બકરીથી.

ગડગડાટ તોપ બંદુક વિશાળ,
ફરશી, બરછી, તીર, ધીંગો ઢાલ;
લઈ હાથ ચક્ર, કરવતી કરાળ,
કુહાડી ગોફણા, શસ્ત્ર જ્વાળ.
મુગદળ મારો દ્યો હોઈ મલ્લ,
ખળભળે પાયદળ બળથી શલ્લ;
લશ્કરમાં ફરવું પવન વેગ,
અરિ ઉપર ચલાવી તાતી તેગ.
મારો મારો મારો અવાજ,
સામાશ વીરો જાયે ન લાજ;
સિંધુડો રાગ વાગે અતીશ,
ત્યાં તો ઢગ થાયે શત્રુ શિસ.
ઝણેણાટ જોરથી તુરીનાદ,
ધણેણાટ અગ્નિ શસ્ત્ર ઉત્પાત;
ઝણણણણણ ગોળા ઝણઝણાટ,
ટણણણ ગજ ઘંટો ટણટણાટ.
ધુરધુમ્ ધુરધૂ બંદુક શોર,
તુ તુ તુ તૂ તુ તૂ તુહનાદ ઘોર.
તિંગધીન્ તિંગધીન્ તિન્ તડિંગધીન,
ડંકા વાગે ડુમ ડુમ તડિંગ;
બણણણણણણણ મૂકી દોટ,
કાઢી ઝબ અસિ ખોવી ન ચોટ.
સનનનનન છોડી કટાર,
મારવો વેરીને તેણી ઠાર;

સંભળળળ છૂટચાં કિર્ણ સૂર્ય,
તે આવી વસ્યાં તરવાર ઉર.
તરવાર તણો શો ઝગઝગાટ,
જાણે વિદ્યુત સુથ હોય ઠાઠ;
યોદ્ધો તણો દેવાંશ[1] ખાસ,
શું કહેછે વાલ્મિક, વેદ, વ્યાસ.
જે પડે રણવિષે બંધુ માટ,
ભોગવે મોત પછી સ્વર્ગ ઠાઠ.[2]
૧×૨×૪

(આર્યોનો જય થયો. લડાઈ વખતે વીરસિંહ તથા પ્રેમરાય જુદા પડી ગયા હતા. વીરસિંહને પ્રેમરાયની કાંઇક ભાળ લાગવાથી તેણે પ્રેમરાયપર કાગળ લખ્યો.)

સ્થળ—ઉત્તરમાં અમરપૂર.

પ્રેમરાય—(વીરસિંહનો પત્ર વાંચેછે.) રાગ હોરી.

વ્હાલા [redacted]પ તારી વખાણું, વખાણુંરે વ્હાલા,
પ્રીતિ હીરો તુજ પાસછે પ્રૌઢો, પૂર્ણ પ્રકાશી[3] પ્રમાણું;
કીધો સુશોભિત પાસા પાડી, મોહની કેરૂં [4]થાણું,
તેથી મન મારૂં હરાણું વ્હાલા.
૧×૨×૨.

મનહર છંદ.

વસંત ઋતુ મળ્યેથી કોકિલા[5] કલ્લોલ કરે,

---

૧ દેવનો અંશ. ૨ ભપકો. ૩ પ્રકાશિત. ૪ સ્થાન-ઠેકાણું. ૫ કોયલ.

સુસ્વરથી ગાય અને મોજ રૂડી માલેછે;
વસંતઋતુ વિયોગે બોલવું તે બંધ કરી,
મુનીવૃત ધારી દોહ્યલા દિવસ ગાળે છે.
ચંદ્રવિણ ચકોરતો આખો દિન અંધ રહે,
દેખીતું તે થાય જ્યારે શશાંકને[1] ભાળે છે;
તેમ તુજ વિયોગથી ઉદાસી હું આઠે[2] જામ,
મિત્ર વિરહનું બાણ હૃદયમાં સાલે છે.
મેઘવિણ [3]મયુર તો તરસ્યો સદાય રહે,
મેઘ મળ્યે હર્ષથી ચોમાસુ સારૂં માણે છે;
સૂર્ય વિણ કમળ તો બીડાઈને બંધ થવા,
વિયોગથી બધી પોતે પાંખડીઓ તાણેછે.
સૂર્યને તે દેખે જ્યારે પાછું પ્રફુલિત થઈ,
થઈ હસ મુખુ હર્ષનો દિવસ જાણે છે;
તેમ તુજ મળે મને આનંદ અતિશે થાય,
જાણું જે આનંદકારી દીવાળી આ ટાણેછે.

(ભરતપુરમાં બધા વીરો એકઠા થયા, [illegible]બતે)

વીરસિંહ અને પ્રેમરાય (એકત્ર મંડળને).

"સલામ સહુને હાલ સજ્જનો સલામ સહુને હાલ" એ રાગ.

ઉચ્છવ આર્યો આજ, જય અંતે ઉચ્છવ આર્યો આજ,
હાર્યા તુર્કને આજથી થયું સ્વદેશી જનનું રાજ, જય અંતે૦
હો હવેથી ભોગવજો સહુ પરવાર્યા નીજ કાજ, જય અંતે૦
કોઈ લડ્યા કોઈ સ્વર્ગે ગયા રહી સર્વ આર્યની લાજ;જયઅંતે૦

---

૧ ચંદ્રને. ૨ પહોર. ૩ મોર.

ભોગવવું તો રાજ રૂડું અઘરૂં રાજનીતિ કાજ, જય અંતે૦
જય થયો જ્યારે જાણી જનોએ દેશપ્રતિ બહુદાઝ, જય અંતે૦
મધ્ય સમુદ્રમાં ડૂબતું તાર્યું ભાગેલું મોટું [1]ઝાંઝ, જય અંતે૦
સહુ જનોનો હકછે સરખો સંભાળો રાજ કાજ, જય અંતે૦
પ્રેમ શૌર્યરૂપી સંભાળો સહુ પોતાનો [2]સાજ; જય અંતે૦

સત્યનાથ જોશી—

"હાં બરજોરી મોરી બૈયાં મરોરીરે," એ રાગ.

યજ્ઞ દિન આવતી પુનેમે નિરધારોરે,
જૂની રૂડી રીતનો ઉદ્ધાર કરી તારોરે; યજ્ઞ દિન.
સ્વદેશાભિમાની પુરૂષો અહિં બોલાવોરે,
પરાક્રમી પુરૂષોને શુભ[3] આ જણાવોરે; યજ્ઞ દિન.
ધુંધવાયો અગ્નિ સહુ તુર્ક બાળનારોરે,
શાંત કરી હવે જરા ટાઢો પાડી ડારોરે; યજ્ઞ દિન.
પ્રાંત પ્રાંત માંહી મોટી સભાઓ મેળાવોરે,
પરાક્રમી પુરૂષોને પ્રમુખ બનાવોરે; યજ્ઞ દિન.
સહુ મળી રાજનો ઠરાવ કરો સારોરે,
એકઠા મળીને સર્વ દેશને સુધારોરે; યજ્ઞ દિન.
વર્ષો વર્ષ પ્રાંતના પ્રમુખજી પધારોરે,
ઉચ્છાને યજ્ઞ કરો ધારાને સુધારોરે; યજ્ઞ દિન.

સ્થળ—ભરતપુરમાં યજ્ઞમંડપ.

કેશવચંદ્ર—રાગ મારૂ કે ત્રીતાળી ચોપાઈ.

કરૂં દરખાસ મંજુર કરજો, સહુ ચિત્ત દઈ સાંભળજો;
મુખ્ય ભરતપૂર મોઝાર, વીરસિંહ કરે કારભાર.

---

૧ વહાણ. ૨ સામાન. ૩ મંગળ, વધામણી.

પ્રેમરાય વિભ્રમપૂર માંહી, રહી પ્રમુખપણું કરે ત્યાંહી;
કેશરીસિંહ રામનગરમાં, રનસિંહ અમરપૂર તળમાં.
રાયપૂરમાંહિ રામસિંહ, ભીમપૂરી નાના રનસિંહ;
ધર્મપૂરમાં કેશવચંદ્ર, ધારવાડ માંહે જયચંદ.
નિરભય રહે નાનકપુર, વિનાયક વડું ઉદેપુર;
શૂરસિંહ રે'શે પ્રેમ ગઢમાં, પુરૂપોત્તમ પ્રાણ નગરમાં.

વિનાયક—

મ્હેરબાની કરી માફી આપો, મને પ્રમુખપણે નહિ સ્થાપો;
પ્રજાને કરતો રહું બોધ, જેથી થાય કદિ ન [1]વિરોધ.

વીરસિંહ—

સ્વતંત્ર પ્રજા રહે સરવે, એવી ચિત્ત વૃત્તિ[2] રાખો હવે;
પ્રમાણિક થઇને વરતજો, આવતે વરસે અહિ મળજો.

(મંડપ વિસર્જન થાય છે.)

"કામ સુખીની ગમત અને દુઃખીનો દિલાસો છે કામને કઈ રીતે ઉપજાવવો અને લડાવવો એ હાલના લોકની જાણમાં નથી" **નર્મ. લા.**

અંક ૨ જો.

સ્થળ—વિભ્રમપૂરમાં પ્રેમરાયનું ઘર.

(પવિત્ર દંપતિ પ્રેમ વિષે વાત કરેછે)

વિલાસવતી— રાગ મેવાડો કે દારૂડીયો.

પ્રિય પ્રેમ એતો, પ્રેમરે, સુખ સ્વર્ગ જેવું દે;

---

૧ લડાઈ, તકરાર. ૨ મનોભાવ.

પ્યાલો નથી પ્રિય, પ્રેમનો કે પીધે ખૂટી જાય;
સ્વચ્છ સરોવર પ્રેમનું, રસ તેના માંહે ઝીલાય રે. સુખ.

પ્રેમરાય—

મહા સરોવર પ્રેમનું, તેના તીર નહિ રે જણાય;
આશ્ચર્ય જેવું એહ કે, એમ છતાં હૃદયમાં સમાયરે. સુખ.

વિલાસવતી—

પ્રેમ પરસ્પર રાખીને, સહુ પ્રાણીઓ સુખી થાય;
દંપતિ[1] કેરો પ્રેમ તે, તેમાં ઉત્તમ છે [2]પ્રેમરાયરે. સુખ.

પ્રેમરાય—

અમુલ્ય પ્રેમ ગણું પ્રિયે, નહિ કિમત તેની કરાય;
પ્રેમે ખરીદેલું કાંઈ તે, બીજી કઈ કિમતે ખરીદાયરે. સુખ.

વિલાસવતી—

પ્રેમી સમું દાતા નહિ, નહિ ટેકી પ્રેમી સમ કોય;
પ્રેમી સમું પ્રિય કંઈ નહિ, ત્યારે સુખીતેવું કોણ હોયરે. સુ.

પ્રેમરાય—

જાજી સંપત્તિ ધન ધાન્યને, વળી રૂપ ગુણ ભંડાર;
પ્રેમ વિના એટલું છતાં, નહિ સુખી ગણું તે લગારરે. સુ.

વિલાસવતી—

પ્રેમે ખરીદાયેલી હું પ્યારા, પ્રેમે ખરીદ્યા આપ;
એક બીજાના પ્રેમની જુઓ હૃદય અંદર છાપ રે. સુખ.

પ્રેમરાય—

પ્રેમી જનના વિયોગથી પ્રેમે અંતઃકર્ણ અકળાય;
સદાય પ્રેમનું સુખતે પ્રિયે, સંયોગમાંજ જણાય રે. સુખ.

---

૧ સ્ત્રી પુરૂષનું જોડું. ૨ તેના ત્રણ અર્થ થાયછે.

સ્થળ—પ્રેમરાયના ઘરની અગાસી.

વિલાસવતી—(વીરસિંહનો પ્રેમરાય પર લખેલો કાગળ વાંચેછે, ને પ્રેમરાય સાંભળેછે.)

"મુજે છોડ ચલ્યા બનઝારા" કે 'બાઈ ભક્તિ સાચી તમારી" એ રાગ.

પ્રિય પ્રેમરાય તુજ [1]પ્યારી, હવે [2]દમે થઈ દુઃખકારી;
શુભ પ્રથમ પત્ર બીજ લાવી, વિદ્યાલય-ભુમિમાં આવી.
વાવી અમૃત [3]વેલી સારી, હવે દમે૦ પ્રિય પ્રેમરાય.
કરી પ્રેમ પાણીથી મોટી, નહિ જરા રહી પછી છોટી;
થઈ અતિશય મન હરનારી, હવે દમે૦ પ્રિય પ્રેમરાય.
[4]ફળ થયું અતિશય સારૂં, પણ બંધ થયું મોં મારૂં;
થઉં દુઃખી એવું વિચારી, હવે દમે૦ પ્રિય પ્રેમરાય.
પ્રચ્છુંછું પણ નથી મળતો, જો મળે મિત્ર ઓસડતો;
મોં માટ પીઉં મન ઠારી, હવે દમે૦ પ્રિય પ્રેમરાય.
પા પ્રેમ પત્ર રૂપ પાણી, કે'વાય ન કદિ સૂકાણી;
હદ થઈ રહી નહિ વધનારી, હવે દમે૦ પ્રિય પ્રેમરાય.
જ્યાં સુધી વેલીછે તાજી, કયમ ફિકર કરૂં હું જાજી;
ફળ નિત્ય નવાં દેનારી, હવે દમે૦ પ્રિય પ્રેમરાય.
જો અમૃતવેલી છેતો, કદિ ગુણ આપશે તે તો;
કોઈ દિન લાગશે પ્યારી, પણ હાલ દમે૦ પ્રિય પ્રેમરાય.

(પ્રેમરાય ભરતપૂર જાયછે. ત્યાં વિલાસવતી જાણે પોતાની પાસે હાવભાવ સહિત રાત્રિને સમયે ગાયન કરેછે,

---

૧ મિત્રાઈ. ૨ પીડે. ૩ મિત્રાઈ રૂપી.
૪ મિત્રાઈથી મળતો આનંદ અને સુખ.

એવું સ્વપ્ન આવવાથી ઊંઘમાં બોલેછે, અને વીરસિંહ તથા વિલાસવતી સાંભળેછે)

પ્રેમરાય—(સ્વપ્ન આવવાથી ઊંઘમાં.)

હિણ્ડી.

રૂડું રામા તણું [1]રમ્ય કેવું રૂપ;
કેવી કાંતિ આ દેખાયછે [2]અનુપ;
અહા અંબોડો આવાર છૂટો રાખી,
લટો છાતી સાથ છૂટી કેવી નાંખી.
[3]વાળ વંકે કે ઝુલાતે વાસુકી નાગ,
સુંદિર શ્યામ શોભતો આ [4]અગ્ર ભાગ;
[5]સરસમાંહિ શુભ ચંદ્ર બિંબ જેવી,
[6]મૃદુ મસ્તકે દેખાય મણિ કેવી;
પૂર્ણ [7]ચંદ્ર સમ શું મુખ આ દેખાય,
ભ્રમર વચ્ચે [8]કૃષિ [9]કુમ્ કુમ્ દેખાય;
[illegible] એ ચોડી ટીલડી કપાળે,
શોભે [10]વ્યોમમાં જ્યમ [11]ભોમ તેમ ભાળે.
નયન આ હશે કે કામ કેરાં બાણ,
દેખી કામ વશ થાય કઠણ [12]પાણ;

---

૧ રમણિય, રમવા યોગ્ય. ૨ ઉપમા ન અપાયએવી. ૩ વાંક. ૪ અગાડીનો કે છેડાનો ભાગ. ૫ તળાવ. ૬ કોમળ. ૭ પુનેમનો ચંદ્ર. ૮ પાતળી. ૯ કંકુ. ૧૦ આકાશ. ૧૧ મંગળ. ૧૨ પાણા જેવા કઠણ.

[1]ખંજનાક્ષિ કેરી [2]અક્ષિ મોહકારી,
લાંબી, ચંચળ, કેવી [3]કટાક્ષવાળી !
[4]કિંચિત્ [5]અંજનથી આંખ એ આંજેલી,
દીસે હસતી આંખવાળી હર્ષ ઘેલી;
મારથી આંખ એહ મારવા જો ચ્હાય,
મારે થકિ, પણ નહિ [6]મારથી છુટાય ! !
થયું ઠીક જે વચ્ચે રહ્યુંજ નાક,
નિ'કર સાથ મળે વળત આંખે આંક !
એવું નાક જે અતિશયોપકારી[7],
શોભે જાણે કીરચંચ[8] શોક હારી.
આ અમૃત ઝરો કે શું છે [9]વદન ?
ઝરે અમૃત રૂપી મૃદુ વચન;
મંદ હાસ્ય ને ગાયન જેથી થાય,
એવું મુખ મુજ ચિત્ત ચોરી જાય.
આતે કંઠ કોનો, શું છે કોકિલાનો ?
ના આ [10]કોકિલા સ્વરીજ કંઠ આનો;
બોલતાં વચ્ચે લગીર જે અચકાતી,
કરી તેમ તે રસિક કરી ગાતી.
*ચુંબનીય જે અમૃત આ પાનાર,
+આમ્રચાર [x]અધરથી શું સુખકાર ?

---

૧ ખંજન પક્ષીના જેવી આંખ વાળી. ૨ આંખ.
૩ આંખનો ચંચળ પલકારો. ૪ લગીર. ૫ આંજણ.
૬ કામ (મનોવિકાર) ૭ ઘણું ઉપકારી. ૮ પોપટનીચાંચ.
૯ મુખ. ૧૦ કોયલના જેવા સ્વર વાળી.
* ચુંબન કરવા યોગ્ય. + કેરીની ચીર. [x] નીચલો હોઠ.

દાડમ બીજ જેવા દંત કેરી હાર,
નાજુક છે કેવી દેખાય કોઈ વાર !
*ગૌર આ ગુલાબી ગાલમાં રેતાશ,
તેથી થાયછે ગુલાબ તણો ભાસ;
પ્રફુલ્લિત ના સુકાય *ચિરંકાળ,
પ્રિય, માં ગુલાબ **ગર્વ તું ઉતાર !!

અભંગ.

†ગ્રીવા જોઈ તારી, [1]કપોતિની હારી,
આંખ મુજ ઠારી, આજ સુધી.
આ મોતીની માળ, શું છે [2]રવિદત્ત,
પ્રકાશ-પાણીનો, સ્વચ્છ ઝરો.
સ્તન આ સદાય, તું [3]અદૃશ રાખ,
બીલી થશે [4]ખાખ કદિ જોશે.
[5]કટિસિંહ જેવી, છે નાજુક કેવી;
[6]સ્વાભાવિક એવી, તેહ શોભે.
આ તે [7]હસ્ત કે શું, શુંઢ [8]હસ્તિ કેરી;
થઈ જાણે લ્હેરી, કેવી ડોલે !
નથી હસ્તિ-સુંઢ, કમળની ડાળી;
કહું [9]કમળ ભાળી, છેડે છે જે.

---

* ગોરા. * લાંબો વખત. ** અહંકાર. † કોટ, ડોક. ૧ ડોકે રંગના ટપકાવાળા એક જાતના પક્ષીની માદા. ૨ સૂર્યની આપેલી. ૩ ન દેખાય એમ. ૪ રાખ. ૫ કેડ-કડ. ૬ કુદરતી, મૂળથીજ; પટા બાંધીને કરેલી નહિ. ૭ હાથ. ૮ હાથી. ૯ હથેળી.

પાંખડી ખીલેલી, કેવું પ્રફુલ્લિત;
થઈ હરખિત, ઉછળે છે !
અહા કેવો ભૂલ્યો, ના કમળ હોય;
રાત્રિ રૂડી [1]સ્હોય, સૂર્ય ક્યાં છે ?
નથી એ કમળ, નથી હસ્તિ-સુંઢ;
હસ્ત સુશોભિત, છે પ્રિયાનો.
છે હસ્ત-વ્યજન,[2] થાયછે ચલન;
આનંદ-પવન, આપે મુને.
હસ્ત મુખપર, ફેરવ દયાળુ;
થા પ્યારી કૃપાળુ, કરી કૃપા.
આંગળી શી શોભે, ચિત્ત મુજ લોભે;[3]
મુખ થશે ક્ષોભે,[4] બંધ મારૂં.
[5]થયું નઠારૂં સારૂં, પ્યારી તુજ સંગ;
રૂડા લાગે બંધ, બંગડીનો !!
હંસણો સરમાશે, તુજ ચાલ જોઈ;
નહિ બોલે રોઈ, તારી સાથે.
ગતિ [6]ગજ જોશે, ગર્વ નિજ ખોશે;
વાંકી આંખે જોશે, તારા સામું !
એવી તુજ ચાલ, દોડ, બંધ પાડ;
મેટી બાથ ભીડ, અહિ આવી.

---

૧ શોભે. ૨ પંખો, વિંજણો. ૩ લોભાઈ. ૪ દીલગીરાંથી.
૫ થયું. ૬ હાથી.

સ્થળ—વિભ્રમપૂરમાં પ્રેમરાયનું ઘર,

વિલાસવતી (એકલી કામદેવ પ્રત્યે)

"ઓધવજી સંદેશો કે'જો શ્યામને," એ રાગ.

વિલાસ શુષ્ક §કીધો તેં વિરહાગ્નિ* થકી,
પુનઃપુનઃ※ પરિતાપ※ પમાડે કેમ જો;
મિત્ર માનતી આજ સુધી હું માહરો,
કુસુમશર,[1] છાજે[2] નહિ કરવું એમ જો. વિલાસ.
વ્હાલાથી વિયોગિની[3] હોઉં નહિ,
કારણ કે તનમન અમારૂં એક જો;
એક અંગ આખું નહિ રાખ્યું ઇશ્વરે,
કાપી કીધા કડકા છૂટા છેક જો. વિલાસ.
ઇશ્વર બાણથી અંગ તૂટી આખું ગયું,
એક રહ્યો કડકો અહિં આવો એક જો;
અંગ તૂટયું કે અગ્નિ આ આવી ચડ્યો,
કયમ સ્હેવાયે એકમેક વત્રેક[4] જો? વિલાસ.
[5]દારૂણ દુઃખથી દગ્ધ[6] કીધી મુજ દેહડી,
તું શીદ દે છે દાઝ્યા ઉપર ડામ જો;
વિરહનો અગ્નિ તે અગ્નિ તુજ થકી,
નહિ તો શું તે મંહા દુઃખ દે આમ જો. વિલાસ.
કુરૂ ક્ષેત્રની[7] કત્તલ અહિં કરવી નથી,

---

§ સૂકો. * વિયોગરૂપી અગ્નિથી. ※ ફરી ફરીને. ※ સંતાપ.
૧ કામદેવ. ૨ શોભે. ૩ છૂટી પડેલી. ૪ સિવાય.
૫ ઘણુંજ. ૬ બળેલી. ૭ પાણીપતની.

શા માટે સાથે લાવ્યો તુજ મિત્ર જો;
શિતળ શશિની* શિતળતા આ ક્યાં ગઈ,
શિતળ શશિ-શર* ઉષ્ણ[2] થયું વિચિત્ર જો. વિલાસ.
હતો અગાઉ આનંદદાતા ચંદ્ર આ,
એજ કલંકિત[4] સંતાપે મુજ કાય જો;
વિપતમાં વા'લીડા વેરી થઈ પડે,
તેમ ચલાવ્યો વિષાદી આ[5] વ્યવસાય જો.[6] વિલાસ.
[7]વસંત પણ વેરીડો થઈને આવીયો,
મારે મુજને ગુપ્ત[8] મહા એ માર જો;
કોયલને બોલાવી મારે બાણ એ,
વળી [9]ભ્રમરનું ગુપ્તબાણ ગુંજાર જો. વિલાસ.
તું વેરીથી તુજ મિત્ર વેરી થયા,
વાયુ શિતળ છે પણ બાળે સુખ જો;
બાગ બધો આ બળતો હું દેખું છઉં,×
સુખને બદલે દેખે સામું દુઃખ જો. વિલાસ.
ચંદ્રપ્રકાશ જહાં જાઉં ત્યાં આગળે,
ભૂલું, નહિ આ અંધારાની માંય જો;
પણ કુડી કોકિલનો સ્વર કાને પડે,
વળી જહાં ત્યાં શિતળ વાયુ વાય જો; વિલાસ.
જ્યાં જાઉં ત્યાં દુઃખ દુઃખને દુઃખ છે,
જે તે વસ્તુ દેખે મુજને ડામ જો;

---

*ચંદ્રની. * કિરણરૂપી બાણ. ૨ ગરમ. ૩ આશ્ચર્ય ઉપજાવનારૂં. ૪ બદ્દાવાળો. ૫ દીલગીરીવાળું. ૬ વ્યાપાર ઉદ્યોગ. ૭ વસંતઋતુ. ૮ છાનું. ૯ ભ્રમરા. × છું.

'' અગાસીનો પણ આજ રહ્યો નહિ આસરો,
અહિંથી તહિં હું અથડાયા કરૂં આમજો, વિલાસ.
જાણે થયોછે સનેપાતનો રોગ આ,
તેમ પ્રિય, પ્રિય, પ્રિય, પ્રિય, ઉચ્ચારજો;
રોગ વધારે શા માટે તું માહરો,
દુઃખ ન દે, જીવથી મુજને તું મારજો, વિલાસ.

સ્થળ—કન્યાશાળા.

(વિલાસવતી નિશાળમાં ગયેલાં છે, ને ત્યાં એક છોકરી ગીત ગવડાવેછે, ને બીજીઓ ગાય છે.)

(ચાલી ભીમકરાયને માંડવેરે, જદુરાયની જાન.)

ઉચ્છવ [1]સમ દિન આજનોરે, અમે પામ્યાં આનંદ;
વીલાસવતીબા પધારીયાંરે, હરખ્યું બધું [2]વૃંદ.
બાળ કેળવણી તે દેશનીરે, સારી સ્થિતિની છાપ;
તેને ઉમંગથી આપતાંરે, ઉત્તેજન આપ,
કન્યાની કુમતિ[3] કાપવારે, નવી કાઢી નિશાળ;
આશિશ અંતરથી અમેરે, બહુ આપીએ બાળ.
દેશ સરવ આ સુધારવારે, પૂરો કીધો પ્રયત્ન;
સર્વ સફળ થઈ પાકીયાંરે, રળીયામણાં રત્ન.
તન મન ધનથી નિશાળનીરે, સદા રાખો સંભાળ;
કન્યા કેળવણીની [4]ઉન્નતિરે, ઈચ્છશો રાખી વ્હાલ.
વિદ્યાનું પાન ન વિસરેરે, જે અમૃતથી અધિક;

---

૧ જેવો. ૨ ટોળું, મંડળ. ૩ નઠારી બુદ્ધિ. ૪ ચડતાપણું, આબાદી.

તે વિદ્યા રસની ચલાવોછરે, આપે ઉત્તમ નીક.
અંતરથી જય ઇછીએરે, સુખીરો ચિરંકાળ;
[1]અંત અભિવંદન[2] કરીરે, બેસીએ અમે બાળ.

સ્થળ—ભરતપૂરમાં વીરસિંહની મેડી.

(વિલાસવતીનો પ્રેમરાયપર લખેલો કાગળ આવેછે, અને તે વીરસિંહની પત્નિ ચંદાકુંવર વાંચેછે, અને બંને મિત્રા સાંભળે છે)

ચંદાકુંવર—(કાગળ વાંચેછે.)

"સોમવારે સામળીયો સિધાવ્યારે," એ રાગ.

પ્રાણનાથ પ્રેમી મુજ પ્યારારે,
આ અરજ દિલમાં લો તમારારે;
બદલાવો દુઃખી દિન મારા,
પ્યારા પ્રેમરાય, ઘેર પધારોરે.
પ્રિય, આપ ગયા મને [3]મેલીરે,
મળવાની ઇચ્છા કરૂં ઘેલીરે;
વિરહિણીની સ્થિતિ[4] એ પ્હેલી, પ્યારા પ્રેમરાય.
પ્રિય, મળવા અભિલાષ[5] કરતાંરે,
મને સંયોગ[6] સુખ સાંભરતાંરે;
શરૂ થઈ બીજી સ્મૃતિ અવસ્થા, પ્યારા પ્રેમરાય.
પ્રિય, સંયોગે સુખ થયેલુંરે,

---

૧ છેવટ. ૨ પ્રણામ. ૩ મૂકી. ૪ અભિલાષ સ્થિતિ. ૫ ઇચ્છા. ૬ સાથે હોવું,સાથે હતા તે સમયનું.

તેનું સ્મરણ ન દૂર ગયેલુંરે;
વિના સ્મરણ મેં સર્વ તજેલું, પ્યારા પ્રેમરાય.
પ્રિય, સર્વ સુખોને વિચારૂંરે,
ત્યારે આપના ગુણ સંભારૂંરે;
ત્યાંતો હર્ષે ભરાયુંજ મારૂં પ્યારા પ્રેમરાય.
પ્રિય, કરૂં એકઠાં સખી [1]જનરે,
પછી ગુણ ગાઉં મૂકી મનરે;
ત્રીજી સ્થિતિએ ગુણ કથન, પ્યારા પ્રેમરાય.
પ્રિય, ગુણ કથન કરૂં જ્યારેરે,
ત્યારે ચિંતા થતી મન મારેરે;
એવા ગુણવાળા મળે ક્યારે, પ્યારા પ્રેમરાય.
પ્રિય, શું સૂતી હોઉંને આવેરે,
મારૂં નામ લઇને બોલાવેરે;
મારા હર્ષ તણો પાર નાવે, પ્યારા પ્રેમરાય.
પ્રિયનાથ ક્યારે કેમ મળશેરે,
સુખમાં કે હશે દુઃખમાં તેરે;
ચિન્હ ચોથી[2] સ્થિતિનાં એછે, પ્યારા પ્રેમરાય.
પ્રિય, ચિંતાથકી દુઃખ થાતુંરે,
કાંઈ સૂઝે ન મન મુંઝાતુંરે;
જડતા સ્થિતિમાં એમ થાતું, પ્યારા પ્રેમરાય.
પ્રિય, બોલો હવે ક્યાં રહીએરે,
દુઃખથી ન ગમે મને કંઇએરે;
ઉદ્વેગ સ્થિતિ શરૂ થઇએ, પ્યારા પ્રેમરાય.

---

૧ સખીમંડળ ૨ ચિંતા સ્થિતિ.

પ્રિય, ગમે ન થાય સંતાપરે,
ગમે તેમ બકું હું આપરે;
સ્થિતિ સાતમી મારી પ્રલાપ. પ્યારા પ્રેમરાય.
પ્રિય, મન મારૂં અતિ દુઃખીરે,
કહો ક્યાંથી રહે તન સુખીરે;
વ્યાધિ સ્થિતિ થયું તન દુઃખી, પ્યારા પ્રેમરાય.
પ્રિય, ચિત્ત ભમે ક્યાંનું ક્યાંહિરે,
મન વિચાર સૂઝે ન કાંઇરે;
ઉન્માદ અવસ્થાની [1]છાંઈ, પ્યારા પ્રેમરાય.
પ્રિય, ઉન્માદ સ્થિતિ આવીરે,
તોય તમને દયા કંઈ નાવીરે;
મુર્છા સ્થિતિમાં મુર્છા આવી, પ્યારા પ્રેમરાય.
પ્રિય, બહુવારે ઉભી થઈ જોઉંરે,
નયણે[2] નીર[3] ભરી ભરી રોઉંરે;
આમ ક્યાર સુધી વાટ જોઉં, પ્યારા પ્રેમરાય.
[4]દીન દાસીની [5]દાદ સાંભળજોરે,
આટલી અરજી [6]ઉર ધરજોરે;
સમજુ છો વ્હેલા આવી મળજો, પ્યારા પ્રેમરાય.
વીરસિંહ, ચંદાને પ્રણામરે,
કે'જો જરૂર આવે આ ગામરે,
છેલ્લે કહુંછું કરીને પ્રણામ, "પ્યારા પ્રેમરાય ઘેર પધારોરે."

---

૧ છાયા-શરૂઆત. ૨ આંખે. ૩ પાણી-આંસુ. ૪ ગ-
રીબ. ૫ ફરિયાદ-અરજ. ૬ મન.

સ્થળ—પ્રેમરાયનું ઘર.

વિલાસવતી (એકલી)—રાગ ગઝલ.

"અરિ તાત તું થઈ ને અરિ પિયુ સંગતે નમિલાવેકાં!"

એઢાળ.

સુખ ભોગવ્યાં સર્વ [1]વ્યર્થછે, મને પુત્ર સુખ જો નહિમળે;
આનંદ [2]ઇંધન બાળતો, [3]ચિંતાગ્નિના તનથી ટળે; સુ.
ધન ધાન્યને ભંડાર સહુ, જનને ભલે મળે બહુ બહુ,
પણ [4]સંતતિવિણું એ સહુ, હોવાથી તો હઇઊંxબળે; સુ.
કાલું કાલું બાળક બોલતો, વળી મા કહીને બોલાવતો,
તનનો બધો તાપ ટાળતો, એક પુત્ર રત્ન મને મળે; સુ.
પ્રેમરાવ-પ્રેમ સંભાળતો, બાપા કહીને બોલાવતો,
આધિ,[5]વ્યાધિ,[6]ઉપાધિ[7]ટાળતો,તેથી સ્નેહાબ્ધિ[8]સર્વઉછળે;સુ.
હાલરડાં હેતે ગાઊંહું, મુજ તનનું દુધ પાઊંહું,
સુપુત્ર પરે વારી જાઊંહું, ક્યારે ઇષ્ટદેવ મુને ફળે; સુ.
રહે તનમન આનંદમાં, બહુ શોભતો પ્રેમી દંદમાં,
લઈ જાઉં હું સખી-વૃંદમાં,* આનંદ અંતર ઉછળે;સુખ.
તે મુજથી વિખૂટો※ થઈ, કેળવણીને કાજે જઈ,
પાછો આવશે તે ભણી રહી, સુખતો મળે ખરૂં તે પળે;સુ.
બહુ બા'દુરીનાં કૃત્યો કરે, કન્યા શોધમાં ફરતો ફરે,

---

૧ ફોકટ. ૨ આનંદરૂપી ઇંધણાં-લાકડાં. ૩ ચિંતારૂપી અગ્નિ. ૪ છોકરાં. ૫ મનનું દુઃખ. ૬ તનનું દુઃખ. ૭ બહારથી આવી પડેલું દુઃખ. ૮ સ્નેહનો સમુદ્ર. x હૈઊં. * ટોળામાં. ※ છૂટો.

જ્યારે દેખું ત્યારે આંખો ઠરે, વેણ મધુર મુખથી નીકળે; સુ.
કન્યા ઠામ ઠામ શોધાવીશું, મનગમતી પરણાવીશું,
પ્રામુખ્ય[1] સોંપી વને જશું, ત્યારે દેશભક્તિ બધી ફળે; સુ.
એવું સુખ મુને ક્યારે મળે, તન ચિંતાગ્નિ આ બળતો ટળે,
જો એક પુત્ર મુને મળે, બીજું સુખ ધન ઢળે બળે; સુ.

સ્થળ—વિક્રમપુરનું સભાગૃહ.

ચતુરાદાસી (દોડતી આવીને પ્રેમરાયને)

"કંકનવો મોરા કરસે સરક ગયોરે," એ રાગ.

પુત્ર પ્રસવ[2] પ્રમુખજી હરખો અહિ રે.
આ વધામણી શુભ લાવીરે, જાહેર આંહિ જણાવી રે,
ચિંતા ટળી ચિત્તથી સરવે, હૈયામાં હરખો હવે;
સંપૂર્ણ સુખ માન્યું સરવે, શાની ન્યૂન[3] રહી રે. પુત્રપ્રસવ.
બાઈ સાહેબ છે સુખી રે, તેમને પૂર્ણ શુદ્ધિ રે;
પુત્ર પણ છે રૂપાળો, [4]સુવર્ણ મોતીનો માળો,
સરવે મન ચિંતા ટાળો, સુખી સંપૂર્ણ થઈ રે. પુત્ર॰
સગાં ને [5]શુભ જણાવો રે, તેઓને અહિ તેડાવો રે;
કંકોતરી સહુને લખજો, [6]આમંત્રણ અંદર કરજો;
"સહુ કુટુંબ આવી મળજો, શુભ પ્રસંગ મહિ રે." પુત્ર॰

---

૧ પ્રમુખપણું. ૨ પુત્રનો જન્મ. ૩ ખોટ. ૪ સોનું.
૫ વધામણી. ૬ નોતરૂં.

સ્થળ—ભરતપૂરમાં વીરસિંહનું ઘર.

ચંદાકુંવર—(પ્રેમરાય તરફથી મળેલું પત્ર વીરસિંહના સાંભળતાં વાંચેછે.)

"જાતીહે જીંદગી આ, જાતીહે જીંદગી આ."
પધાર યાર અહિં, પધાર યાર અહિં;
સાથ પ્યારી પુત્ર લેઈ, સાથ પ્યારી પુત્ર લેઈ,
તું પધાર યાર અહિં; પધાર.
પુત્ર પ્રસવ આંહિ આજે, મંડળી બિરાજે;
આંહિ આવીને તું ભાગ, લેની આ આનંદ મહિં,
પધાર યાર અહિં—.
શોકમાં [1]નિમગ્ન થાતો દુઃખમાં હું ડુબી જાતો;
આજ હું આનંદી અતિ, દુઃખથી [2]વિમુક્ત થઈ;
પધાર યાર અહિં—
ઘટિત [3]પ્રસંગ આ મળેલો, હર્ષથી ભરેલો;
સાથ પ્રાણ પ્યારી લેઈ, આવવાને ચૂક નહિં,
પધાર યાર અહિં—
પુત્ર પ્યારી સર્વ સુખી, તુજ વિયોગથી હું દુઃખી;
[4]નેહ [5]નમસ્કાર [6]સહસ્રવાર, યાર માની લઈ,
પધાર યાર અહિં—

સ્થળ—મોટો સભામંડપ.

(પુત્ર પ્રસવના હર્ષને માટે નિશાળીઆઓ તથા ક-

---

૧ ડુબેલો. ૨ છૂટો. ૩ સમય, વખત. ૪-૫ પ્રેમ-પ્રણામ, પ્રેમના પ્રણામ. ૬ હજાર વખત.

ન્યાઓને ઇનામ વહેંચવા સારૂ મોટી સભા મળી હતી. જેમાં પ્રેમરાય, તેનાં સગાં અને મિત્રો તથા બીજા વિક્રમ પૂરના સદ્‌ગૃહસ્થો વગેરે મળ્યા હતા.)

કેટલાક નિશાળીઆ—શીખરિણીછંદ.

દીસે કેવો રૂડો, દિવસ અતિ આનંદ થકી આ,
બિરાજ્યા બ્હાદુરો, મન સરવનાં હર્ષ ભરીયાં;
થયોછે જન્મારો, સફળ દિકરાના જનમથી;
હવે કાંઈ બાકી, પ્રમુખજીતણા સુખની નથી.
જનોની મધ્યે ને, વળી હરખ દેવીજન[1] મહીં;
અહીંઆં [2]અંત્રિક્ષે, [3]સરસત્રની દેવી હર્ખી રહી.
કરેછે દેખાતો, અતિશયજ આનંદ શિશ્યથી;
દઇ આશિર્વાદો, સરસ [4]શુભ [5]ઇચ્છેછ ગાનથી.
મહા [6]આહ્‌લાદેથી, સરવ જન આવી હરખીયા;
લીધા તેમાં ભાગો, પ્રફુલિત અમારાં મન થયાં.
દિનો આવા રૂડા, હર વખત આનંદથી જશે;
અમારી ઇચ્છાઓ, [7]પરમાત્મ તે પૂરી કરશે.
સુખો પામો સારાં, કરી ઉત્તમ કામો દિન દિને;
દિપાવો દેશીને, [8]ઉન્નતિ થકી જે ઉત્તમ બને.
[9]સદા શ્રી, શાંતિનો, [10]નગરે મધ્ય ડંકો ગડગડે;
[11]વદો "જે જે" શબ્દો, હરખ-[12]ધ્વનિ [13]કર્ણે શુભ પડે.

---

૧ દેવલોક. ૨ ન દેખાય ત્યાં, અધર. ૩ સરસ્વતી. ૪ સારૂં, કલ્યાણ. ૫ ઇચ્છેછે. ૬ ખુશીથી. ૭ પરમાત્મા—પરમેશ્વર. ૮ ચડતી, આબાદી. ૯ દોલત. ૧૦ શહેર. ૧૧ બોલો. ૧૨ અવાજ. ૧૩ કાને.

કન્યાઓ—(રાસડો લેછે.)

"જાણ્યું જાણ્યું હેત તમારૂં જાદવારે લોલ," એ રાગ.

આનંદે દિન *ઉજવળ થઈ અતિ [2]ઓપતોરે લોલ,
પુત્ર પ્રસવથી સુખી થયા પ્રેમ રાયજો;
ઉત્સવ શુભ પ્રસંગનો રૂડો આદર્યોરે લોલ,
હરખ સહુનાં હૈયામાં ન સમાયજો; આનંદે દિન.
મંગળ કાર્યે મંડળ આ મોટું માન્યુંરે લોલ,
લીધી આ કન્યાઓની સંભાળજો;
દિન દિન મંગળ કાર્યે ભાગો આપશોરે લોલ,
આપ સુખેથી સુખી થશું અમ બાળજો; આનંદે દિન.
કન્યાની કેળવણી કેરા કામમાંરે લોલ,
દીધું [3]દંપતિએ દિન દિન પ્રતિ ધ્યાનજો,
એવો એ ઉપકાર ન અમથી [4]વિસરેરે લોલ,
આશિષ દઈએ મોટાં પામો માનજો; આનંદે દિન.
આ મંડળ મળવાથી મન ખુશી થયાંરે લોલ,
વળી પ્રફુલ્લિત થયાં અમારાં તન જો;
હૈયામાં આનંદ અતિશે ઉછળેરે લોલ,
દિન દિન આવું દેશો ઉત્તેજનજો, આનંદે દિન.
વિલાસવતીનો વિલાસ ચિરંકાળરેરે લોલ,
પ્રેમરાયનો કાયમ રેજો પ્રેમજો;
સ્વર્ગ સમું+ જોડું અહિં રૂડું શોભતું રે લોલ,

---

* ઉજળો, ધોળો. ૨ ચળકતો-શોભતો. ૩ પતિ પત્નિએ, સ્ત્રિ પુરૂષે. ૪ ભૂલાય. + જેવું.

સ્વર્ગની અંદરે ઇંદ્ર ઇંદ્રાણી જેમ જો; આનંદે દિન.
તમે અમારા સ્વદેશને સુધારોપોરે લોલ,
સુગંધી પુષ્પથી[૨] પામ્યુ વન સુગંધ જો;
અંતે આ મંડળનો જય અમ ઇચ્છીએરે લોલ.
પ્રણામ કરીને છેવટ કરીએ બંધજો; આનંદે દિન.

સ્થળ—પ્રેમરાયનું ઘર.

વિલાસવતી—(પ્રતાપ કુંવરને હાલરડાં ગાયછે.)

રાગ હાલરડાનો.

"માતા જસોદા ઝુલાવે પુત્ર પારણે," એ રાગ.
મારા પ્રતાપ પ્યારા પોઢો પ્રીતે પારણે,
મારૂં અંગ બધું આનંદ થકી ઉભરાય;
ગાવા બેસું છું હાલરડાં જ્યારે તુજને,
મારૂં કાળજડું બહુ ઠરી હિમ જેવું[૩] થાય. મારા પ્રતાપ.
તારા જન્મ થકી તો જન્મ સફળ મારો થયો,
તારા જન્મ થકી પામ્યાં આ ભવમાં સુખ;
તારા જન્મ થકી પરલોકે* શોક મટી ગયો,
તારા જન્મ થકી ગયું તનમન કેરૂં દુઃખ. મારા પ્રતાપ.
જન્મ ધરીને મોજ ન મેળવી જો સુપુત્રની,
તેનો જન્મારો જાણો આ સઘળો વ્યર્થ;
છો※ રિદ્ધિસિદ્ધિ સંપત્તિ મેળવી હોયે ઘણી,

---

૨ ફુલ. ૩ બરફ જેવું-ઠંડુ-શિતળ. * સ્વર્ગમાં.
※ ભલે, ભલે.

તેથી સર્યો નહિ કંઈ પરમગતિનો[1] અર્થ. મારા પ્રતાપ.
જ્યારે પ્રતાપ સાત વરસની ઉમ્મરનો થશે,
ત્યારે ભણવા મોકલશું વિદ્યાલય માંય;
પ્યારો પાછો મારો ભણી ગણી ઘેર પધારશે,
ત્યારે અંગ અમારાં આનંદથી ઉભરાય. મારા પ્રતાપ.
મારો પ્રતાપ રાજ સભામાં આનંદે જશે,
મારો પ્રતાપ કામો કરશે રાખી ઉમંગ;
પ્રીતે પ્રતાપ મારો લાજ અમારી વધારશે,
રાખી દિન દિન પ્રત્યે ક્ષત્રિવટનો રંગ. મારા પ્રતાપ.

(એક વરસે એક શહેરમાં અને બીજે વરસે બીજા શહેરમાં એ રીતે વરસો વરસ જુદે જુદે ઠેકાણે સભા મળતી, ને ત્યાં મળવાને બધાને અગાઉથી આમંત્રણ થતાં. આ વરસે વિશ્રામપુરમાં સભા મળી હતી ને કેટલાએક સુધારા થયા હતા.)

સર્વપાત્રો—રાગ કલ્યાણ. "શ્રી જગત્પતિ, પ્રભુ આપ સન્મતિ, ભરતભુમિ ખાત માટે કીધી આ કૃતિ,"

એ઼ઢાળ.

રાખજો પ્રીતિ, નિજ દેશની પ્રતિ;
આ સુણો અમારી બોધ રૂપ વિનતિ.
સદા સંભારી જન્મ ભૂમિને રાખો પ્રેમ અનુપ,
જન્મ ભૂમિ પ્રતિ ધર્મ ન ભુલો જેછે માતરૂપ. રા.
કેળવણી દો પુત્રપુત્રીને આનંદ આનંદ થાય,

[1] મોક્ષનો.

પુત્રી તમારી પઢતાં જોઈ અંગ કેવું ઉભરાય ! ! રા.
"લગ્ન, જ્ઞાતિ, રીતભાત વિષે *મંડળની માંહિ વદાય,
પત્રોમાંહિ લખાય‡" ખરૂં પણ કરી નવ દેખડાય!!!રા.
"આર્ય કહે પરધર્મ તણી પ્રવૃત્તિથી રહું દૂર,
જરૂર પડશે એમ થવામાં સામો ઝુઝું"†જરૂર. રા.
"આ મારીછે જન્મભુમિને આછે મુજ સ્વદેશ,
જેણે નહિ હૃદયમાં આણ્યું એજન નીચ"વિશેષ[1]. રા.
સુધરેલ [2]દંપતિ થઈને અન્યોઅન્ય[3] દોલો સુખ,
સુખ ભોગવો સ્વર્ગસમું અહિ દેખોનહિ કદી દુઃખ. રા.
અંતરમાં કોતરી રાખજો વાક્ય અમારૂં અમુલ્ય,
"ઉત્તમ પ્રકારની કેળવણી [4]દેશોન્નતિનું મૂળ." રા.

સમાપ્ત.

* સભામાં ‡ધર્મ વિચાર. † એક ઇંગ્રેજી કવિ—વનરાજ ચાવડો. ૧ એક ... ૨ સ્ત્રી પુરૂષ ૩ પરસ્પર, એક બીજા. ૪ દેશની ચડતી—આબાદી.

જન્મભૂમિ પ્રત્યે બે બોલ.

"હરિ ભજન વિના દુઃખ દરિઆ સંસારનો પાર
ન આવે," એ રાગ.

મારી [1]સિંહપૂરી, શોભી રહી [2]સૌરાષ્ટ્ર મહિં તું પૂર્વથી,
પણ કેળવણી ઓછી ઘણી ગૂજરાત મહિં ચડતી નથી.

કૃપા તુજપર કેવી ઈશની છે,
ચો બાજુ રક્ષા આ પા'ડની છે;
આગોળે નાની નદી ગૌતમી છે. મારી સિંહપૂરી૦

ઋષિ ગૌતમનો આશ્રમ અહિ,
કર્યાં કામ સારાં તુજ [3]અંક રહી;
[4]ગૌતમેશ રહ્યા તારી ગુફા મહિં. મારી સિંહપૂરી૦

રક્ષાકર ઉત્તર [5]સિંહપૂરી,
ક્ષેત્રપાળ જુઓ દક્ષિણ ભણી,
પશ્ચિમ પ્રગટેશ્વર ઈશ ધણી. મારી સિંહપૂરી૦

રક્ષા દેવની ત્રણ બાજુ [6]ભણી,
પૂર્વ માંહિ જુઓ દરબાર તણી,
રક્ષા કરેછે નિજ ધર્મ+ ગણી. મારી સિંહપૂરી૦

ઈશ્વરે દીધી બક્ષિસ અતિ,
તુજ ભાગ્ય તણો કંઈ પાર નથી;
સમુદ્ર છેટે નથી બહુ તુજથી. મારી સિંહપૂરી૦

---

૧ સિહોર. ૨ કાઠિયાવાડ. ૩ ખોળા; ૪ ગૌતમેશ્વર મહાદેવ. ૫ સિહોરી માતા. ૬ તરફ. + ફરજ.

કો ટૂંકી નજરનો મુને ગણશે.
"ભર્તભૂમિ મૂકી સિહોરને ભણશે;
એવો ટૂંકી નજરનો કોણ હશે." મારી સિંહપૂરી૦
કહેવા માગું તુજ વર્ણનથી,
ભર્તભૂમિ સમું બીજું કાંઈ નથી;
સ્વાભાવિક શકિતથા શ્રેષ્ટ અતિ. મારી સિંહપૂરી૦
શ્રેષ્ટ ભર્તભૂમિ આ કેવી અતિ,
તુજથી શ્રેષ્ટ તુજ સમ ને તુજથી;
બની કેવી એવી શ્રેષ્ટ નગરીથી. મારી સિંહપૂરી૦
વિદ્યાને કળા મહિ શ્રેષ્ટ હતી,
આ ભરતભૂમિ પંકાતી* અતિ;
તે શ્રેષ્ટપણું હાલ કંઈએ નથી. મારી સિંહપૂરી૦
નગરીઓ તમે ચિત્ત આ ધરશો,
વિદ્યાકળા માટે કંઈ કરશો;
ભર્તભૂમિ પ્રતિધર્મ નહિ ભૂલશો. મારી સિંહપૂરી૦
નગરીઓ બધી જો સુધરશે,
તો ભરતભૂમિનું શ્રેય[1] થશે;
તેનું શ્રેય તમારા ઉપર છે. મારી સિંહપૂરી૦
તું પૂરી સ્વાભાવિક સાધનથી,
વળી ગુણ ઘણોછે "સ્ટેશન"[2]થી;
વળી ભારી ભાવેણું[3] દૂર નથી. મારી સિંહપૂરી૦

---

* વખણાતી. ૧ ચડતી-આબાદી. ૨ રેલ્વેસ્ટેશન.
૩ ભાવનગર.

કારીગરી તું વધારે ભારી,
દિન દિન પ્રતિ તું સુધારી;
કંસારી કારીગરી જે સારી. મારી સિંહપૂરી૦
નહિ કારીગરો લે કેળવણી,
તેથી છે મને મન દાઝ ઘણી;
કળા શું સુધરે બહુ તેહ તણી. મારી સિંહપૂરી૦
સૌરાષ્ટ્ર મહિ તુજ કેળવણી,
સંતોષ પામું હું ઠીક ગણી;
ગુજરાતથી પણ તું પછાત ઘણી. મારી સિંહપૂરી૦
પાક્યાં રત્ન ખરાં જે સુરતથી,[1]
તે સુરતથી તું દૂર નથી;
કેમ ધ્યાન દૃષ્ટાંત નથી ધરતી. મારી સિંહપૂરી૦
કન્યા કેળવણી થોડી અતિ,
વિચાર તેનો કરતી તું નથી;
ભણાવ કન્યાઓને પ્રેમથી. મારી સિંહપૂરી૦
"સ્ત્રી પુરૂષ મળીને એકજ છે,"
એક અંગ રહેલ મનુષ્યજ જે;
અંગ વાયે રહે શું કરીજ શકે. મારી સિંહપૂરી૦
વિદ્યા દાન દે બાળકી બાળકને,
સ્ત્રી પુરૂષો બધાં સુધરેલ બને;
એવું જોઉં કયે દિ[2] પ્રફુલ્લવદને. મારી સિંહપૂરી૦
ગોહિલ કુળ રાજ અવિચળ રો',
રૈયતને શાંતિ અને સુખ દો;

---

૧ સુરત શહેર. ૨ દિવસ.

વિદ્યા આપી જનોની આશિષ્ય લો. મારી સિંહપૂરી૦
અધિકારી પ્રતિ મારી માગણી છે,
કરો "ઇંગ્લિશ સ્કૂલ"* અવશ્યની છે;
"ઉન્નતિનું મૂળ કેળવણી છે." મારી સિંહપૂરી૦

-----

* ઇંગ્રેજી નિશાળ.

આ મારો પહેલો પ્રયત્ન હોવાથી બીજી ટીકાની સાથે મારા નીચેના પ્રશ્નો ઉપરથી મને સૂચના આપવાને ટિકાકાર સાહેબોને મારી નમ્ર વિનતિ છે.

૧. આ ચોપડીની કવિતા કેવા પ્રકારની છે ?

૨. જોડણી વગેરે સંબંધી કેમ છે ?

૩. કવિતા રચવાનો મહાવરો હું રાખું કે કેમ ?

૪. કેવા વિષય ઉપર મારી કવિતા સારી થાય એમ જણાય છે ?

ચોપડી બનાવનાર.

આ ચોપડી નીચે લખેલે ઠેકાણેથી મળશે.

શિહોર-કાઠિયાવાડ—કાશીરામ એધવજી આ. સ. ગુ. મુખ્ય નિશાળ.

અમદાવાદ—ગુલાબભાઈ ગોવિંદજી દેશાઈ પે. આ. નં. ૧. લાની ગુ. નિશાળ—ખાડીઆ.

જામનગર—મેહેચર ત્રિકમજી પટેલ. સ્પે. પે. આ. સ. ગુ. મુખ્ય નિશાળ.

ગોંડળ—જટાશંકર કાશીરામ રાવળ. સ્પે. પે. આ. સ. ગુ. મુખ્ય નિશાળ.

ભાવનગર—અનુપરામ રામજી ભટ. સિહોરવાળા. ભગાના તળાવમાં ડબગરવાળી શેરીમાં મસીદનીસામે કુવા પાસેની ડેલીમાં.

૧ થી ૪ ચોપડી મગાવનારે એક ટીકીટ ટપાલ ખર્ચની મોકલવી. ૫ રાખનારને ટીકીટખર્ચ માફ. ૧૦ રાખનારને એક નકલ બક્ષિસ.

છઠ્ઠા ધોરણવાળાઓને ઉપયોગી.

"અંકગણિતની સમજ."

નીચે સહી કરનાર તરફથી ઉપરના નામની ચોપડી આજથી ત્રણ માસની અંદર વેળાસર બહાર પડશે.

૧ એ ચોપડીમાં છઠ્ઠા ધોરણમાં ચાલતી તમામ ગણિતની જૂદીજૂદી બાબત વિશે નીચેના અનુક્રમ પ્રમાણે સાદી અને સહેલથી સમજાય એવી રીતે લખવામાં આવશે. પહેલાં વ્યાખ્યા તથા તેની સમજણ અને તે વિશે જાણવાજેવી ઉપયોગી હકિકત, પછી તે જાતની રીત દુનિયાના કયા વહેવારમાં ઉપયોગમાં આવેછે તે, પછી તે ગણવાની સામાન્ય રીત અને છેવટ તે જાત માંહેલા અઘરા દાખલા કેવી કેવી યુકિતથી સહેલા થાય છે તે યુક્તિઓ દાખલા સહિત આપવામાં આવશે, અને તે યુકિતથી મે. લાલશંકરભાઈ કૃત અંકગણિતના કયા મનોયજનના તથા પરચુરણમાંના કયા કયા દાખલા સહેલથી થાય છે, તેની નોંધ તેજ યુકિત નીચે આપવામાં આવશે. એવા અનુક્રમથી દરેક જૂદીજૂદી બાબત લખવામાં આવશે.

૨ છેવટના ભાગમાં કાપીયું અને વારોવારીઓ વ્યાજ કાઢવાની રીત વિસ્તારથી સમજાવવામાં આવશે.

૩ તે ચોપડી ઘણુંકરી છ ફરમાની થશે. આગળથી ગ્રાહક થનારે સાડાત્રણ આના નીચેને શીરનામે ટિકટો વગેરેથી અગાઉથી મોકલવા. ટપાલખર્ચ માફ. પાછળથી ગ્રાહક થનાર પાસેથી ચોપડીનું કદ ધારવા કરતાં વધારે નહિં થાય તો પાંચ આના લેવામાં આવશે.

સિહોરવાસી પટેલ બહેચર ત્રિકમજી.

૨૫. ૫. આ. તાલુકાસ્કુલ—જામનગર.